સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

ખૂટી ગયું છે તેલ, કોડિયું બદલવું પડશે,
રહી ન શક્તિ હવે ખોડિયું બદલવું પડશે.
છોડવું પડશે ઘોડિયું - કરવું પડશે કામ -
'કોંગી'નું નખશિખ માળખું બદલવું પડશે...

હાઈકુ

જૂની ટોર્ચમાં -
નાખો 'શરદ' પાવર -
લાવો રોશની...

વટાવ્યો ત્યાગ -
કરો આપ કમાઈ -
ને જીતો હૃદય

ચિંતન

કદાચન સ્તરીરસિ નેન્દ્ર સશ્ચિસિ દાશુષે ।
ઉપોપેન્નુ મઘવન્ ભૂય ઈન્નુ તે દાનં દેવસ્ય પૃચ્યતે ॥

ઉપરોક્ત શ્લોક સામવેદમાંથી લેવામાં આવેલ છે.

પરમેશ્વર ક્યારેય કોઈના કર્મને નિષ્ફળ કરતા નથી અને કોઈ નિર્દોષને દંડ દેતા નથી. આ જન્મમાં અને પૂર્વજન્મમાં પ્રત્યેક માનવી માટે કર્મફળની વ્યવસ્થા કરી દેવામાં આવી છે. આ જન્મમાં જે જેવું કર્મ કરે છે તે પ્રમાણે આત્માના નવા જન્મની વ્યવસ્થા પણ થઈ જાય છે. સંસારમાં બધા પ્રકારના કામકાજ ઈશ્વરીય સત્તા વડે જ નિયંત્રિત હોય છે. એક જ સમયે જન્મ લેનારા બે બાળકોમાં એક કોઈ રાજાને ત્યાં જન્મે છે અને બીજો ઝૂંપડીમાં. એક જન્મજાત બુદ્ધિશાળી હોય છે અને બીજો મંદબુદ્ધિ, એક બળવાન હોય છે અને બીજો હંમેશા રોગી, એક દીર્ઘાયુ હોય છે અને બીજો અલ્પાયુ. એવું નથી કે ઈશ્વરે પક્ષપાત કરીને કઈને જીવનમાં સુખ-સુવિધાઓ ભરી દીધા છે અને કોઈ નિર્દોષને અકારણ જ દંડસ્વરુપ દુઃખદારિદ્રયની આગમાં નાખી દીધો છે. આ બધું કર્મફળના સિદ્ધાંત પ્રમાણે જ બને છે. ઈશ્વરના આ ન્યાય અને કર્મફળની મહત્તાને બહાબર સમજી લેવાથી માનવી હંમેશા સદ્વિચારો અને સત્કર્મો કરે છે અને કુવિચારો અને દુર્ભાવનાઓના આક્રમણથી બચી જાય છે.

સુવિચાર

- માણસ સૌથી વધારે યાતના ભોગવે છે, બીજા કોઈ જ કારણે નહીં પણ ફક્ત ખુદના વિચારોને કારણે - **તોલ્સ્ટોય**
- જે પેદા કરી જાણે છે એ જ ખરચી જાણે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈ પણ સ્પષ્ટ પ્રશ્ન પૂછ્યા વિના જ તમને જવાબમાં 'હા' મળે એનાથી વિશેષ સુખ શું હોઈ શકે ? - **અખંડ આનંદ**
- આવતીકાલની ફિકર ન કરો, આવતીકાલ એની પોતાની ચિંતાઓ લઈને આવશે તો આવશે. આજની મુશ્કેલીઓ આજ પૂરતી પૂરતી જ છે - **સંત રોબિન**
- પ્રાર્થનાથી ઈશ્વર કે ઈશ્વરના ઈરાદાઓ કદી બદલાતાં નથી, પણ જે પ્રાર્થે છે એ માણસને બદલે છે - **શ્રી અરવિંદ**
- હે પ્રભુ !! હું જીવું છું ત્યાં સુધી મને કામ આપ અને મારું કામ પૂરું થાય સુધી જીવન આપ - **જનકલ્યાણ**
- આજનું ઔષધ : લીમડાના રસમાં શેકેલી હીંગ અને અજમો નાખીને પીવાથી શરીરની બળતરા દૂર થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મુલ્લા નસરુદ્દીનને તેની પત્નીએ કહ્યું, 'ઠંડી આવે છે અને તમે દિલ્હી જાઓ છો તો મારા માટે. 'ડ્રોપ ડેડ કોટ, લેત આવજો.' મુલ્લાને નવી જાતના કોટનું નામ સમજાયું નહીં એણે કહ્યું, 'મને આવા કોટ લાવવામાં સમજણ ન પડે અને આ વળી કેવો કોટ કે ડ્રોપ ડેટ કોટનું નામ મેં કદી સાંભળ્યું નથી. પત્નીએ હસતાં હસતાં કહ્યું, 'ડ્રોપ ડેડ કોટ એવો કોટ હોય છે કે જે તમે પહેરો તો પડોશણ તે જોઈને ઈર્ષ્યાથી બળીને મરી જાય છે.' કહેવાનો અર્થ કે જયાં સુધી બીજા દુઃખી ન હોય ત્યાં સુધી તમે પ્રસન્નતા અનુભવી શકતા નથી. જયાં સુધી બીજું કોઈ મૃત હોય ત્યારે તમે ખરેખર જીવંત હોવાનો અનુભવ પણ શી રીતે કરી શકો ? આપણે સૌ એકસાથે અસ્તિત્વ ધરાવીએ છીએ. જયારે તમે કોઈ કર્મનું ફળ પ્રાપ્ત કરો છો ત્યારે તમે ઘણાં લોકો માટે દુઃખનું કારણ બની શકો છો. સંભવ છે કે તમે સીધો કોઈ પ્રહાર કર્યો નથી, તમે તેમના પ્રત્યે હિંસાત્મક નહીં રહ્યા હો. આ નિયમ બહુ સૂક્ષ્મ છે. તમે હત્યારા હોય એ જરૂરી નથી પરંતુ જો તમારા દુઃખ દ્વારા માત્ર લોકોમાં તમે ચેપ ફેલાવી રહ્યા હો છો. તો તમે એ ગુનામાં સામેલ છો, તમે દુઃખ ઊભું કરી રહ્યા છો. તમે તેના માટે જવાબદાર છો અને તમારે તેની કિંમત ચૂકવવી પડશે.

સગવડિયાં જોડાણ તૂટી રહ્યાં છે

તંત્રીસ્થાનેથી...

લોકસભાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીને મળેલ અભૂતપૂર્વ પ્રતિસાદ પછી ગઠબંધન શબ્દ આગળ પણ 'મહા' જેવું વિશેષણ લગાડી ઉત્તરપ્રદેશમાં દિગ્વિજય કરવાની મનોહર કલ્પના સાથે ભેગાં બેઠેલાં ફોઈ ભત્રીજાનાં સૈન્ય હવે આગામી પેટાચૂંટણીઓ પોતપોતાની રીતે લડી લેશે. અખિલેશ યાદવની સમાજવાદી પાર્ટી અને માયાવતીની બહુજન સમાજ પાર્ટી વચ્ચે લોકસભાની ચૂંટણી પૂર્વે મહાગઠબંધન રચાયું હતું જેને રાજકીય પંડિતો પણ બહુ જ આશાસ્પદ માની બેઠા હતા. ક્યારેક બેઉ પાર્ટીઓ વચ્ચે બાપે માર્યા વેર બંધાયેલાં, માયાવતીને સરકિટ હાઉસની રૂમમાં પૂરી દઈ મુલાયમસિંહના ટેકેદારોએ બેશરમ બનીને હેરાનપરેશાન કરી મૂકેલાં. પરંતુ એ વસમી વેદના વીસરી જઈને માયાવતીએ મુલાયમપુત્ર સાથે બહુ મોટી અપેક્ષાઓ સાથે હાથ મિલાવ્યા હતા. માયાવતીને મહાગઠબંધનના રાજકારણમાં સીધું જ દિલ્હીનું મયૂરાસન દેખાતું હતું. અખિલેશ યાદવ એની આડકતરી જાહેરાત પણ કરતા રહેતા હતા. મહાગઠબંધનને ધારી સફળતા તો ન જ મળી પણ એથી થોડો ઘણો ફાયદો થયો તો એ માયાવતીને જ. અખિલેશ એમનાં પત્નીને પણ જિતી ન શક્યા. માયાવતીએ એમની પાર્ટીની મિટિંગમાં સ્પષ્ટતા પણ કરી દીધી છે કે યાદવ બહુલ વિસ્તારોમાં પણ હવે અખિલેશ વગેરેનો નક્કર રહ્યો નથી - યાદવોએ જાતિ લાઈન પર નહીં પણ પાર્ટીલાઈન પર વોટિંગ કર્યું પરિણામે બસપાને સપા સાથેના ગઠબંધનનો કોઈ જ ફાયદો થયો નથી. એટલે જે અગિયાર ધારાસભાની બેઠકો પર ચૂંટાયેલા માણસો સંસદ સભ્યો બની ગયા છે એમની ખાલી પડેલી બેઠકોની પેટાચૂંટણી વખતે બસપા એકલા હાથે લડશે, ગઠબંધનની પળોજણમાં નહીં પડે. સામાન્ય રીતે માયાવતી પેટાચૂંટણીઓમાં ઉમેદવારો મૂકતાં જ નહોતાં, પરંતુ પાર્ટીને એકજૂટ રાખવા માટે તેઓ આ વખતે અગિયારે બેઠકો પર પોતાની પાર્ટીના ઉમેદવારો ઉતારશે. એમણે કરાવેલ પૃથ્થકરણ મુજબ સપાના મતો બસપાના ઉમેદવારો માટે ટ્રાન્સફર થયા જ નથી જયારે બસપાના વોટ સપાના ઉમેદવારોને ટ્રાન્સફર થયા હતા. માયાવતીની વર્તણૂક શરૂથી જ પોતાની અંગત અનુકૂળતા મુજબની રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી લઈ સોનિયા ગાંધી સુધીના નેતાઓ આ સત્ય સમજતા હોઈ કોઈ માયાવતીનો વિશ્વાસ કરતું નથી અને જરૂર પડ્યે માયાવતીના રાજકીય વજૂદનો ઉપયોગ કરી લે છે. જોકે ભારતીય જનતા પાર્ટી પોતાના જ બળ પર આટલી પ્રચંડ બહુમતી સાથે વિજેતા બની હોય ત્યારે માયાવતીની એને તો પાંચ વર્ષ દરમિયાન કોઈ કાળે જરૂર નથી જ પડવાની એ હકીકત છે. ગઠબંધનનો એથી જુદો અને મનદુઃખ ભર્યો સિનારિયો બિહારમાં સરજાયો છે. નીતીશ કુમાર ક્યારેક પ્રાઈમ મિનિસ્ટર પદનાં સપનાં જોતા હતા. બિહારમાં એમણે વારંવાર અલગ અલગ ચોકાં પાડ્યાં છે અને મુખ્યમંત્રી પદ પર કબજો જાળવી રાખ્યો છે. મોદીના પ્રતિસ્પર્ધી તરીકે ઊપસી આવેલા નીતીશકુમાર સમયનો તકાદો જોઈ મોદીના ખોળામાં બેસી ગયા હતા. લાલુપ્રસાદ યાદવ જેલમાં સબડી રહ્યા છે હવે જયારે બિહારમાં સરખેસરખી બેઠકો જીતીને ભાજપ અને જદ(યુ) ના સાંસદો દિલ્હી પહોંચ્યા છે ત્યારે નીતવિષયક નિર્ણય લઈ મોદી-શાહની જુગલજોડીએ જદ(યુ) ને મંત્રીમંડળમાં માત્ર એક જ સ્થાન આપવાની ઑફર કરી ત્યારે સ્વાભાવિક રીતે જ એમનું સ્વાભિમાન ઘવાયું છે. એમણે એ ઓફર ઠુકરાવી છે પણ એનડીએ સાથેનું જોડાણ ચાલું રાખ્યું છે. અલબત્ત, વેરની વસૂલાત કરતા હોય એમ એમણે બિહાર મંત્રીમંડળનાં વિસ્તરમાં ભાજપને અળગો રાખીને તથા જદ(યુ)ના આઠ ધારાસભ્યોનો સમાવેશ કરી ભાજપને પોતાની હેસિયત જરૂર બતાવી દીધી છે.

સંસાર-સંસ્કૃતિનો વારસ : વૃક્ષ

નવાં કલેવર
નટવર હેડાઉ

ચશ્મા પર લાગેલી ધૂળની ખેપટને તેમણે હટાવી. રૂમાલથી હળવે હાથે ચશ્માના કાચ લૂંછ્યા અને ફરી ચશ્મા પહેરી તેમની સામે રહેલ વૃક્ષ તરફ જોયું. ગ્રીષ્મની ગરમ લૂ ના થપાટાથી વૃક્ષના પર્ણો મુરઝાઈ ગયાં હતા. સૂસવાટા દેતા પવનથી કેટલાંક પર્ણ ખરી પડ્યાં હતા.

આંધી અને વંટોળીયાને કારણે બે ત્રણ પાતળી ડાળીઓ પણ તૂટી ને પડી હતી. પાનખરમાં ભલે ખરી પડે પણ વસંત બેસતાં જ નવી કુંપળો ફૂટે છે. પવનના ભયંકર સૂસવાટા અને મનને બેચેન કરી દે તેવો તેનો અવાજ...

મીના તેં કઈ જોયું ?

ના, શું થયું છે ?

'જો આ બાજું આવ. આ પીપળાનું ઝાડ કેવું થઈ ગયું છે. અહીં નજીક આવ અને ખુબ ધ્યાન થી જો.'

પત્ની મીનાનો ચહેરો ઉદાસ થતો જોઈ મનોજભાઈ બોળ્યા, 'શું તું પણ એ જ વિચારે છે જે હું વિચારું છું.' મીનાની આંખોમાં જળજળીયાં આવી ગયાં.

'હાં, ત્રણ ત્રણ પેઢીઓને આ પીપળાએ જોઈ છે. ધર્મશાસ્ત્રમાં મેં વાચ્યું છે તે પીપળામાં વિષ્ણુ ભગવાનનો વાસ છે. વારે તહેવારે પીપળાનું પૂજન કરવામાં આવે છે. એ રીતે જોઈએ તો આ પીપળો ફક્ત એક ઝાડ નથી. પણ આપણા સંસ્કાર, સંસ્કૃતિનો વારસો છે. એક થાપણ છે. જેને આપણે જાળવવા જોઈએ.'

'તારી વાત સાચી છે. તેણે શું નથી જોયું ? સારા નરસા દિવસોનો તે સાક્ષી છે. જયારે પરિવાર સંસ્કૃતિના મૂળીયાં વાઢી રહ્યો હતો. સંસ્કારોના ધજાગરા ઉડી રહ્યા હતા. લોહીનો સંબંધ ભૂલાયો હતો. અને એકબીજાના દુશ્મન બની સામે આવી ગયા હતા. ત્યારે ઔલાદને ઉછેરનારા હાથ સંકોચ પામ્યા હોય એવી દુઃખદ પરિણતીને આપણી સાથે સાથે આ બુઢ્ઢો થઈ ગયેલો જર્જરીત પીપળો પણ ખમી રહ્યા હતો. સહન કરી રહ્યો હતો. આપણી મુશ્કેલીઓ, તકલીફો અને દુઃખ દર્દનો એ સાક્ષી છે.'

મનોજ અને મીના અરસપરસ વાતો કરતા કરતાં બગીચાની બહાર આવી ગયાં.

પોતાના ઓરડા તરફ જવા લાગ્યાં જેથી બંનેને બગીચામાં સાથે જોઈને વહુઓ ટોણો ન મારે કે જૂઓને ઘડપણમાં બંનેને કેવો રોમાંસ સુઝે છે.

તેમના ફેફસામાં પ્રાણવાયુ ભરતો પીપળો બગીચામાં સ્થિર પ્રજ્ઞની જેમ ઊભો જાણે કે તેમને જોઈ રહ્યો હતો. તેને કદાચ એમ થતું હશે કે વિશ્વ આજે પર્યાવરણ દિવસ ઊજવી રહ્યું છે ત્યારે મારી તરફ જોનાર કોક તો છે જ.

તેમના ફેફસામાં પ્રાણવાયુ ભરતો પીપળો બગીચામાં સ્થિર પ્રજ્ઞની જેમ ઊભો જાણે કે તેમને જોઈ રહ્યો હતો. તેને કદાચ એમ થતું હશે કે વિશ્વ આજે પર્યાવરણ દિવસ ઊજવી રહ્યું છે ત્યારે મારી તરફ જોનાર કોક તો છે જ.

કેટલીક વ્યક્તિઓ નફરત કરવામાં માહિર નથી હોતી

આવો જીવીએ શાનદાર
વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

એક સુપ્રસિધ્ધ અભિનેતા અને દિગ્દર્શકને એવી જ એક વિખ્યાત અભિનેત્રી સાથે પ્રેમ થઈ ગયો. એ દિગ્દર્શકે પોતાની દિગ્દર્શિત ઘણી ફિલ્મોમાં એ અભિનેત્રી સાથે નાયક તરીકે કામ કર્યું. એ ઉપરાંત અન્ય દિગ્દર્શકોની ફિલ્મોમાં પણ બંનેએ નાયક-નાયિકા તરીકે અભિનયના ઓજસ પાથર્યા. એ સમયમાં એ અભિનેતા અને અભિનેત્રી તો સફળ હતા જ પણ તેમની ફિલ્મો પણ સફળ રહી હતી. સાથેસાથે એ બંનેની જોડી પણ એટલી સફળ હતી કે તેમના નામે ડિસ્ટ્રિબ્યુટર્સ ફિલ્મો ખરીદતા અને પ્રેક્ષકો પણ એ જોડીના નામે ફિલ્મો નિહાળવા જતાં. કેટલીક ફિલ્મોમાં તો બોક્સ ઓફિસ ઉપર ટંકશાળ પડતી અને કેટલીક ફિલ્મોએ સિલ્વર કે ગોલ્ડન જયુબિલી પણ ઉજવી હતી. તે બંનેના પ્રેમ પ્રકરણ વિષે લોકો પણ જાણતા હતા અને એ પ્રકરણ પણ ખૂબ લાંબુ ચાલ્યું હતું.

એક દિવસ અચાનક એ અભિનેત્રીએ બીજા એક વિખ્યાત અભિનેતા સાથે લગ્ન કરી લીધા અને એ બંનેના પ્રેમ પ્રકરણ ઉપર કાયમ માટે પડદો પડી ગયો.

એ અભિનેતાના અઠ્યાવીસ વર્ષની ઉમરે ૧૯૪૬ માં લગ્ન થઈ ગયા હતા. તેમનું પ્રેમ પ્રકરણ લગ્ન પછી શરૂ થયું હતું. એ અભિનેત્રીના લગ્ન ૧૯૫૮ માં થયા અને પછી બંનેના પ્રેમ પ્રકરણમાં પૂર્ણવિરામ મુકાઈ ગયું.

બંનેનો પ્રેમ જગજાહેર હતો એટલે સ્વાભાવિક હતું કે એ અભિનેતાની પત્નિને તેના પતિના પ્રેમ પ્રકરણ વિષે સમાચારો મળતા રહેતા હોય. એ પણ સ્વભાવિક હતું કે પોતાના પતિના બાહ્ય પ્રેમ સંબધો વિષે પત્નિને જાણ થાય ત્યારે તે પેલી સ્ત્રી કે જેને પોતાનો પતિ પ્રેમ કરતો હોય તેના પ્રત્યે તેને એ સખત ધિક્કારની લાગણી થાય અને તેના પ્રત્યે નફરત થઈ જાય. આ કિસ્સામાં પણ એમ જ થયું.

પેલી અભિનેત્રીના લગ્ન પછી તે પોતાના સંસારમાં ઠરીઠામ થઈ ગઈ. તેને બાળકો થયા. બાળકો પણ મોટા થયા. પેલા અભિનેતાના બાળકો પણ મોટા થયા.

પેલા અભિનેતા પાર્ટીઓ આપવાના ખૂબ જ શોખીન હતા. કોઈને કોઈ બહાના નીચે તે પાર્ટીઓનું આયોજન કરતાં રહેતા અને પોતાના મિત્રવર્તુળને પાર્ટીમાં સામેલ થવા આમંત્રણ આપતા રહેતા. તેમની પત્નિ ખૂબ જ વ્યવહારકુશળ અને સંબધોને નિભાવના સ્ત્રી હતા. તેઓ પોતાને ત્યાં આયોજિત તમામ પાર્ટીઓની બધી જ વ્યવસ્થા અને જવાબદારી પોતે સ્વેચ્છાએ નિભાવતા અને પાર્ટીમાં આવતા મહેમાનો આગતા-સ્વાગતા પોતે અંગત રીતે સાંભળતા.

પતિના પ્રેમ પ્રકરણ અને પેલી અભિનેત્રીના લગ્નને ઘણા વર્ષો વીતી ગયા. એક દિવસ પેલા અભિનેતાને ઘેર એક ભવ્ય પાર્ટીનું આયોજન થયું. એ એક પાર્ટીમાં પેલી અભિનેત્રીને પણ નિમત્રણ આપવામાં આવ્યું. તે અભિનેત્રી પણ પોતાના પતિ સાથે પાર્ટીમાં સામેલ થઈ. અભિનેતાની પત્ની અને પેલી અભિનેત્રી બંને આ રીતે વર્ષો પછી મળ્યા. પેલી અભિનેત્રી થોડો સંકોચ અનુભવતી હતી અને એ સંકોચને અભિનેતાની પત્નિ પારખી ગયા.

એ અભિનેતાની પત્નીએ પેલી અભિનેત્રીને યોગ્ય સન્માન આપ્યું અને પોતાની પાસે પ્રેમથી બેસાડી. બંનેની વાતચીત દરમ્યાન અભિનેતાની પત્નીએ કહ્યું કે પોતે તો બધુ જ ભૂલી ગયા છે.

પોતાને હવે તેના પ્રત્યે કોઈ જ પ્રકારની ધિક્કાર કે નફરતની લાગણી નથી. તેણીએ આગળ કહ્યું કે પોતે પોતાના પતિના રંગીલા સ્વભાવને ખૂબ જ સારી રીતે ઓળખે છે એ સમયે તેમની પત્ની તરીકે જો હું ના હોત તો મારી જગ્યાએ બીજી કોઈ સ્ત્રી હોત. અભિનેતાની પત્નીની નિખાલસતા જોઈને પેલી અભિનેત્રી ગદગદિત થઈ ગઈ.

એ અભિનેતા, તેમની પત્નિ કે એ અભિનેત્રી, કમનસીબે આજે એ ત્રણમાંથી કોઈ જ હયાત નથી. એ અભિનેતા હતા સ્વ. રાજકપુર. એ અભિનેત્રી હતા સ્વ. નરગિસ દત્ત અને રાજકપૂરની પત્નિ એ સ્વ. કૃષ્ણા કપુર

નફરત અને ધિક્કારની લાગણી એવી છે જ બંને પક્ષને પીડા આપે છે. જે વ્યક્તિને નફરત કરતાં હોઈએ એ વ્યક્તિને તો પીડા થતી જ હોય છે સાથે સાથે નફરત કરનાર વ્યક્તિને પણ નફરત કરવાથી પીડા થતી હોય છે. નફરત કે ધિક્કાર જેવા શબ્દોના વિરોધાભાસી શબ્દો છે પ્રેમ અને સ્નેહ. વ્યક્તિ જયારે પ્રેમ કે સ્નેહની લાગણી વ્યક્ત કરતી હોય છે ત્યારે બંને પક્ષને ખુશીની લાગણી થતી હોય છે એમ જ વ્યક્તિ જયારે ધિક્કારની લાગણી વ્યક્ત કરે છે ત્યારે તેની અસર પણ બંને પક્ષે થતી હોય છે.

કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે જેની સાથે કોઈપણ પ્રકારનું ખરાબ, બેહૂદું, અપમાનજનક વર્તન કે વ્યવહાર થાય તો પણ પોતાની સાથે એ પ્રકારનું વર્તન કરનાર વ્યક્તિને ધિક્કારી શકતી નથી. એવી વ્યક્તિ ક્યારેય કોઈને નફરત કરી શકતી નથી. બીજા શબ્દોમાં કહીએ તો એવી વ્યક્તિ કોઈને પણ નફરત કરવામાં માહિર નથી હોતી. આ પ્રકારની વ્યક્તિને પોતાની સાથે થયેલા ખરાબ વર્તનને કારણે તો પીડા થતી જ હોય છે પણ એ વ્યક્તિ નફરતની લાગણીથી દૂર રહીને નફરત કરવાથી થતી પીડાથી બચી જતી હોય છે.

(ક્રમશઃ)

થોટ
નટવર આહલપરા

ક્ષમાભાવ

ક્ષમાભાવ તો વીરનું આભૂષણ છે. ક્ષમા એ કોઈ નાનાસૂના માનવીનું કામ નથી. ક્રોધી કમજોર હોય છે. ક્રોધના પ્રસંગો તો ઘણા આવવાના, વેરના પણ. કિંતુ મનુષ્યનું કર્તવ્ય એ છે કે એને ઓળંગીને ચાલે. ક્ષમાશીલ જગતમાં ઉમદા માનવી છે.

ઈસુ ભગવાનને ક્રૂસ ઉપર લટકાવ્યા છતાં તેઓ બોલ્યા હતા : 'પ્રભુ, આ લોકો શું કરી રહ્યા છે તેનો તેને ખ્યાલ નથી. તેઓને માફ કરી દેજે !'

ક્ષમા દિલથી આપવી એ એક ઊંચી સિદ્ધિ, ભારે તપશ્ચર્યા, ઉત્કટ કલા છે. ક્ષમા આપવાની સમાજનો વ્યવહાર સરળ બને છે. મનને શાંતિ મળે છે. દિલને અપૂર્ણ શાંતિ મળે છે. ક્ષમાભાવ રાખવાથી અને માપવાથી ભગવાનની ક્ષમા મળે છે. તેનું એ પ્રતિક અને ખાતરી છે.

ચંબલના ખૂંખાર ડાકુ. લોકનાયક જયપ્રકાશ નારાયણ આગળ શસ્ત્રો મૂકી પડી ગયાં હતાં અને હૃદય પરિવર્તન કર્યું હતું. આ ઘટના પાછળ જયપ્રકાશ નારાયણનો ક્ષમાભાવ સમાયેલો છે.

પ્રાયશ્ચિતનાં ત્રણ પગથિયાં છે.

(૧) આત્મગ્લાનિ (૨) ફરી પાપ ન કરવાનો નિશ્ચય (૩) આત્મશુદ્ધિ.

આમાં ક્ષમાભાવ ઉચ્ચ સ્થાને છે. ક્ષમાથી અનેક લોકોના જીવન સુધર્યા છે. રામાયણ, મહાભારત, ભાગવત વગેરે જેવા ગ્રંથોમાં પણ ક્ષમાભાવના અનેક પ્રસંગો વાંચવા મળે છે. ખરેખર ક્ષમા એ વીર લોકોનું આભૂષણ જ છે.

મોદી સાહેબના નવા ભારતના સ્વપ્નમાં સહભાગી બનો

જીવન ઉપવન
મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

લોકસભાની ચૂંટણીઓ ધમાકા-પડકાર અને પ્રવચનોથી ભરપૂર રહી બધા જ પક્ષો એ પોતાનાથી શક્ય તમામ કોશિષ કરી જેમા ભાષાની મર્યાદાઓ પણ ચૂકી જવાની ઘટનાઓ બની પરંતુ હવે ભારતનો મતદાર પરિપક્વ થઈ ગયો છે જે તેના પરિણામથી સિદ્ધ થયું. ભારતની પ્રજા હવે તમામ ભેદભાવ-જ્ઞાતિ-જાતિ વગેરેના તુષ્ટિકરણથી ખુબ ત્રસ્ત હોવાથી મતદાન વખતે માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના શબ્દો ઉપર વારી ગયા, બીજું તેમનાં રાષ્ટ્રવાદ, સબકા વિકાસ અને વિશ્વાસ ઉપર પ્રજા એ ખુબ દિલથી પ્રચંડ જનાદેશ આપ્યો, પ્રચંડ ડીત એ લોકોના વિશ્વાસનું સ્પષ્ટ પ્રતિબિંબ કહી શકાય. ૩૦મી મે, ૨૦૧૯ની ઢળતી સંધ્યાએ નવા પ્રધાનમંડળીએ દિલ્હીમાં શપથવધિ છ હજાર મહેમાનોની હાજરીમાં કરી ત્યારે ભારતના તમામ નાગરિકોને હૃદયથી હરખ ઊભરાઈ રહ્યો હતો કેમ કે હવે આ નવી સરકાર પાસે કોઈ જ રાજકીય દૃષ્ટિની લાચારી નથી. મોદી સાહેબ આપણા જ ગુજરાતી જે વૈશ્વિક સ્તરે ભારતની સાખ સુદૃઢ કરવામાં જરા પણ પાછા પડ્યા નથી. વિદેશી સરકારોને પણ આ વખતની ચૂંટણી બાદના પરિણામો વિશે ઈંતેજાર રહ્યો કેમ કે ચૂંટણીમાં મોદી હૈ તો મુમકિન હૈ નો જ નારો વધુ વ્યાપક થયો કારણ કે મોદીજી મોટા ગજાનાં અને નવાં સ્વપ્ના સેવનાર નેતા જ નહીં રાષ્ટ્ર માટે જ હોય તેવી પ્રબળ વ્યક્તિ છે તેનું પરિક્ષણ, અનુમાન અને રજૂઆત અદ્વિતીય છે! પ્રજા ને એ શ્રદ્ધા છે કે મોદીજી આ નવા ભારતને સાકાર કરી શકશે એ સાહસિક નેતૃત્વનો આદર્શ બની ગયા છે જેના પાયામાં દેશનો વિકાસ સ્પષ્ટ છે માટે આ જીત હાંસલ થઈ શકી છે.

અત્રે જે વાત કરવાની છે એ મુખ્યત્વે લોકોની સહભાગી થવાની વૃત્તિ કેળવવા માટે છે સરકાર યોજનાઓ બનાવશે જે ચાલુ યોજના હશે તેમાં સુધારણાઓ કરશે તથા યોગ્ય પરિણામલક્ષી સંચાલન કરશે તેમની જવાબદારી છે તો બીજી તરફ પ્રજાની હિસ્સેદારી વધશે નહીં તો સ્થિતિ સુધરવાની બહુ શક્યતા નથી. પ્રજા જાગૃતિ, પ્રજાની શિસ્ત, રાષ્ટ્ર તરફનો પ્રેમ, સમાજ સુખાકારી સંલગ્ન ચિંતન અને કાર્યનિષ્ઠામાં અવશ્ય સુધારણા થવી જરૂરી છે. જે પ્રજા દેશને પ્રેમ કરે છે તે વાસ્તવમાં તેના દેશવાસીઓને સ્નેહ કરતા હોય છે અને સરકારના કાર્યમાં હકારાત્મક વર્તન પ્રગટ કરતા હોય છે. દેશ મહાન છે અને એ મહાનતા તેના નાગરિકોનાં અભિગમ, કાર્ય, ભાવના, અનુસાસનથી પ્રગટતા હોય છે. ભય, ભૂખ અને ભ્રષ્ટાચાર જીવંત રહેશે ત્યાં સુધી લોકોને નયા ભારતનો અહેસાસ કદી થશે નહિં. પ્રથમ તો સ્વયંને બદલવા પ્રયાસ કરવો પડશે. બીજું સરકારનાં નીતિ નિયમોનું પાલન કરવામાં કોઈ પ્રમાદ વિલંબ સ્વીકાર્ય નથી. ત્રીજું આપણે હજી પુષ્કળ આર્થિક અસામાનતાવાળા માહોલમાં જીવી છીએ. માટે આ ખાઈ ઓછી કરવાના માર્ગે અગ્રેસર થવું પડશે. ગુડ ગર્વનન્સ પ્રજાના ઘનિષ્ઠ પ્રયાસ વિના પણ સંભવ નથી. ચોથું આગોતરા આયોજનને બનાવતા અને સ્વીકૃત કરવાનું શિખવું પડશે. આગ લાગે ત્યારે કૂવા ખોદવાની જીવનશૈલી હવે નવા ભારતમાં ચાલે તેમ નથી. પાંચમું ડિજિટલ ઈન્ડિયામાં લોક ભાગીદારીમાં વૃદ્ધિ થવી અતિ આવશ્યક છે. સરકાર હવે નાણાંકીય સંસ્થાઓના નવીનીકરણ, પુનર્ગઠન વગેરેમાં ઝડપ ઉપરાંત નવી નીતિઓ લાવશે કે જેથી બધાનો વિકાસ વાસ્તવમાં બધા અનુભવી શકશે. જળપ્રંબધન, રાષ્ટ્રીય સુરક્ષા, નવી રોજગારી તથા કૃષિક્ષેત્રની નવી નીતિ જરૂર બનશે. પરંતુ જન ભાગીદારી તેમાં અવશ્ય જોઈશે. પ્રજાએ હવે માત્ર હક્ક હિસ્સા નહીં પણ તેમની જવાબદારીઓ વિશે ખૂબ જાગૃતકિ લાવવી જ પડશે!

હવે ખુબ અગત્યની વાત ચૂંટણી વખતનાં વેરઝેર મનમાં રાખવા ને ભૂતકાળ બનાવવા માટેની છે. સમય જે નીકળી ગયો તે ગયો. સૂર્યનું કિરણ નવી નવી ઉમ્મીદો લઈને રોજ આવે છે કે જેથી દરેક માણસ આજને જીવે અને આવતીકાલ ઉત્તમ બને તે રીતે પોતાનું કામ કરે. પ્રકૃતિ એ સમાજ તથા રાષ્ટ્ર માટે બધું બનાવ્યું છે. આપણે સામુહિક રીતે તેનું પાલન - જતન કરવાનું હોય છે, પ્રકૃતિનો અમર્યાદ ઉપભોગ અંતે વિનાશ જ લાવે છે. સરકારનાં પર્યાવરણ તથા સ્વચ્છતા અભિયાનને લોકોએ વધાવ્યો છે. પરંતુ એ જીવનશૈલી બને તેની ચીવટ લોકો એ હંમેશા લેવી પડશે. ઐતિહાસિક અને આપણી સાંસ્કૃતિક વિરાસતને જાળવવામાં સક્રિય ભૂમિકા અદા કરવાથી સરકારનું કામ સરળ થઈ જશે. પ્રામાણિકતા બધા એ જીવનમાં કેળવવાનો હવે સમય આવી ગયો છે - કેમ કે ભોગવાદ ભૌતિકવાદના લીધે રાષ્ટ્રમાં કૌભાંડો - ચાલી રહ્યા છે. કાયદાથી જ જીવન કે વ્યવહાર ચાલતા નથી. હકીકતમાં ઉજ્જવળ જીવન જીવાય તો કદી કોઈ જ સમસ્યા હોતી નથી. વંચિતો પ્રત્યે માનવતા તથા કરુણતાનો દરિયો પ્રત્યેક નાગરિકે વહાવવો પડશે કેમ કે માનનીય મોદીજી એવું ઈચ્છે છે કે બધાનો વિકાસ થાય તો ભારત વર્ષ દુનિયામાં નામ રોશન કરે તેવું છે. સહકાર, સંપ, એકતા અને બંધુત્વ હશે તો નયા ભારત રચવામાં વિલંબ નહીં થાય. સરકારને આ બીજી નવી ઈનિંગ માટે લાખ લાખ વધામણી અને શુભેચ્છાઓ. ભારત માતા કી જય.

શેર આસ્વાદ :
સોચકર યહી મંદિર મસ્જિદ ભી દંગ હૈ
કિ હમે ખબર ભી નહીં ઔર હમારી જંગ હૈ